dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

August 2014 For private circulation only Vol. 06 - Issue 136

શિક્ષકે શિક્ષણને ખૂબ ચાહવાનું છે. સાથે પોતાના વ્યવસાયને પ્રતિબધ્ધ રહેવાનું છે. શિક્ષકો તો આજીવન વિદ્યાર્થી હોવા જોઈએ. તેમણે પોતાના વિષયોની સૈધ્ધાંતિક અને વ્યવહારુ વાતો જ નથી ભણાવવાની, પણ, સમાંતરે, તેમણે સમાજની સભ્યતાના વારસા તથા મૂલ્ય વ્યવસ્થાનો પણ નકકર પાયો નાખવાનો છે. આધુનિક ટેકનોલોજીની સહાયથી શિક્ષકે વિદ્યાર્થીઓને જાતે શીખવાની તાલીમ આપી તૈયાર કરવાના છે.

**ડો. એ. પી. જે. અબ્દુલ કલામ**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

આ જગત ક્ષણે ક્ષણે નવતા-નૂતનતા ધારણ કરતું રહે છે. કશું-કશું જ એનું એ, એમનું એમ નથી રહેતું. બધું જ બદલાયા કરે છે. થોડાકની આપણને ખબર પડે છે ને ઝાઝાની ખબર પડતી નથી. આપણને ખબર ન પડે તેથી આપણને જેટલી ખબર છે તેમ જ ચાલે છે તે માનવું ભૂલ ભરેલું અને આપણાં પોતાના માટે નુકશાનકારક છે. આપણાં મગજનું જૂનું સૉફ્ટવેર હવે કામ નથી આવવાનું. બદલાતા જગતના તરંગો ઝીલવા માટે નવા સૉફ્ટવેરની જરૂર પડશે. 'ના, હું તો આમ જ કરીશ' કે 'ના, હું તો આમ જ રહીશ' નો જમાનો ગયો. હાઈવે પર સ્પીડથી દોડતા રહેવું પડશે. નહીં તો મુસીબત આવી સમજો. ફૂડ, ડ્રેસીંગ, ટ્રાન્સપોર્ટેશન, ડ્રોઈંગ રૂમ લૅન્ગવેજીસ, .... સાયન્સ અને ટૅકનોલૉજીમાં બહુ મોટા ચેઈન્જીસ આવી ગયા છે... આવી રહયા છે. જડતા છોડી નવતા ધારણ કર્યા વગર બીજો કોઈ માર્ગ નથી તે સમજવામાં સમય લેવા જેવો નથી. સમયના સ્વભાવને નહીં ઓળખનારને સમય આકરી સજા કરે છે.

આપણી આસપાસ ચોપાસ નૉલેજ નેટવર્ક ઊભું થઈ રહયું છે. વાવાઝોડા વખતે શાહમૃગની માફક મોં રેતીમાં સંતાડી દેવાથી આફત ટળતી નથી. તમે જો બોકસીંગ કરતા હો ને સામેવાળો તમને ફાઈટ કરતો હોય ને તમે આંખ મીંચી દો તેથી સામેવાળો પાછો ફરી જવાનો નથી. 'બહોત ગઈ થોડી રહી' નો વિચાર જોખમી છે. જે થોડી રહી છે તે પણ સારી રીતે જાય તે વિશે ય વિચારવું પડે. જરા ચોંકી જવાય એવી વાત છે પણ કરવી પડે એવી છે. આજે હું નહીં કરું-કહું તો કાલે કોઈ બીજું કરશે-કહેશે. ટીચરલૅસ સ્કૂલ કૉલેજનો કન્સેપ્ટ આવી રહયો છે! આશ્ચર્ય ન પામતા... આઘાત પામજો. પણ આઘાત પામી હાથ જોડીને બેસી ન રહેતા. સજ્જતા કેળવજો. અસ્તીત્વ સામે જ પ્રશ્નાર્થ ઊભો થઈ રહયો હોય ત્યારે અત્યંત ગંભીરપણે જાત સાથે સંવાદ કરી લેવો જોઈએ એવો મારો નમ્ર મત છે, નૉલેજ કમિશનના ચૅરમેન ડૉ. સામ પિત્રોડાના વિચારો વિચારવા જેવા છેઃ અત્યારે આપણે જ્યારે સ્કૂલની વાત કરીએ છીએ એટલે આપમેળે મગજમાં ટીચર, ડસ્ટર, બ્લેકબોર્ડ, ચોક, ટેકસ્ટબુક, એકઝામ, સર્ટિફિકેટ-આ બધું ફીટ થઈ જાય છે. હવે છોકરાઓ એવી રીતે શીખતા જ નથી. એ લોકો કમ્પ્યૂટર પર આમતેમ જોઈ લે છે અને શીખી જાય છે. આપણે એમ કહેતા કે ફોકસ કરો-ધ્યાન આપો અને શીખો. અત્યારના છોકરાઓ મ્યુઝીક સાંભળે છે, એસ.એમ.એસ. કરે છે, લેસન પણ કરે છે અને ગપ્પાં પણ મારતાં હોય છે. બધું સાથે કરે છે અને બરાબર કરે છે! માતાપિતાને એમ લાગે કે આ બધું ખોટું છે. પેરેન્ટ્સની દુનિયા જુદી છે. એટલે હું દરેક બાળકોને કહું કે બે શિખામણ તમારે મારી પાસેથી લેવાની. એક તો પેરેન્ટ્સનું નહી સાંભળવાનું અને બીજું ટીચરનું નહીં સાંભળવાનું. કારણ કે બિચારા બંનેને કંઈ ખબર જ નથી ! તમારી દુનિયા બહુ જુદી થવાની છે Your world is going to be very different. કારણ કે એ લોકો તમને શિખામણ આપે છે તે એ લોકોની દુનિયા પ્રમાણે. એ દુનિયા તો પૂરી થઈ ગઈ ! ત્યારે કમ્પ્યૂટર, એસ.એમ.એસ. કશું નહોતું. એ લોકોને કશી ખબર નહોતી. They don't know how to extrapolate. આજે જો ટીચર અંગે વિચારીએ તોઃ Teacher does not need to create content now or to deliver content. I do not need teacher to create content or to deliver content. Then why do I need teacher ? I need teacher as a mentor. All our teacher need to be changed to mentor. All our teacher need to be changed to mentor. હવે એ કેવી રીતે કરવું ? Because to be a mentor, you need to be calm, comfortable, secured. Technology is changing every role. અને આ બધું લોકો નથી સમજતા. Technology is going to change all our teachers in next 10 years. And if they do not change, they will be out of business. If I have to build a university today, it will not look like a Cambridge, Harvard, Delhi University or IIT. It may be totally different. There may not be any buildings, No Classrooms. No teachers. બસ, છોકરાઓ ખુલ્લામાં આમતેમ બેઠા હોય, કોઈ રમતું હોય, કોઈ કૉફી પીતું હોય અને દરેકને ખબર હોય કે ગુરુ બેઠા છે. કંઈ તકલીફ હોય તો જવાનું અન્યથા પોતાનું કામ કર્યા કરવાનું. Learn from the environment Knowledge is everywhere. So most of my time going on building public information infrastructure knowledge network. અને આ બંને હોય પણ જો મગજ ના બદલાય તો કંઈ ન બદલાય!

તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ૬૮મું સ્વાતંત્ર્ય પર્વ



રાષ્ટ્રના ૬૮મા સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટી સંકુલની સામે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સ્વતંત્ર ભારતના આ રાષ્ટ્રીય પર્વે ધ્વજવંદનમાં સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ, અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ તથા કેમ્પસના રહીશો આ શાનદાર ઉજવણીમાં મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કુલપતિશ્રીએ ધ્વજવંદન પૂર્ણ થયા બાદ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ રાષ્ટ્રભકિતનાં ગીતો ગાયા હતા. યુનિવર્સિટીના કર્મચારી શ્રી મોહન સી. પટેલ (બ્લેક બેલ્ટ) અને તેમના સાથીઓ દ્વારા મહિલા સશકિતકરણ અન્વયે સ્વરક્ષણનું જોરદાર નિદર્શન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી દ્વારા સ્વરક્ષણનું નિદર્શન કરનારને સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતા.



















## બસ-સુવિધા






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને માનનીય સંસદ સભ્યશ્રી સી.આર. પાટીલ દ્વારા ફાળવવામાં આવેલ અનુદાનમાંથી ખરીદવામાં આવેલ બસનું લોકાર્પણ માનનીય સાંસદશ્રી સી.આર. પાટીલ દ્વારા કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની ઉપસ્થિતિમાં તા. ૧૯-૮-૨૦૧૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી પરિસર ખાતે કરવામાં આવેલ હતું. સદર પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, વિવિધ વિભાગોના અધ્યક્ષશ્રીઓ, કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. સદર બસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓને યુનિવર્સિટી થી સુરત સ્ટેશન તેમજ સુરત સ્ટેશનથી યુનિવર્સિટી રૂટ પર સેવા આપશે.











## ૬૮મું સ્વાતંત્ર્ય પર્વ





યુનિવર્સિટીના એમ.એસસી. બાયોટેકનોલોજી વિભાગ દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે અધ્યાપકોના નેતૃત્વ હેઠળ એક પાત્રીય અભિનય (સ્વતંત્ર સેનાની), લેખન સ્પર્ધા (સ્વતંત્ર ભારત), પોસ્ટર સ્પર્ધા, દેશ ભકિત ગીત, સમૂહ ગીત, નિબંધ લેખન, ચર્ચા, કલાસરૂમ ડેકોરેશન સ્પર્ધા, શીઘ્ર વકતૃત્વ, સંગ્રહ પ્રદર્શન, રાષ્ટ્રવાદી ગીત, વૃક્ષારોપણ, શીર્ષક લેખન, નૃત્ય, ચિત્રકળા, રંગોલી જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## XVIII ISA World Congress of Sociology



**(Prof Abbasi and Prof VP Singh organizer of RC-52)**

The XVIII ISA World Congress of Sociology was held at Yokohama Pacifico, Yokohama, Japan during 13-19 July 2014. Prof Parvez A Abbasi, HOD, Dept of Sociology, VNSG University, Surat actively participated in the conference, he presented a paper on the theme "Political Culture and Communication : A Study of General Election of India " in the session Globalization, New Communication Technology and Socio-cultural Change in Today's Unequal World of RC-14, Sociology of Communication Knowledge and Cultural. Prof Abbasi also organized a session on the theme Globalization, ICT and Profession: Emerging Trends of RC-52, Sociology of Professional Groups and also he chaired the session.

## આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ



યુનિવર્સિટીનાં માનવ સંસાધન વિકાસ વિભાગમાં "સંશોધન પદ્ધતિઓ અને આંકડાકીય માહિતીનું SPSS ની મદદથી પૃથકકરણ" અંગે એક આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રોગ્રામ તા. ૪/૮/૧૪ થી ૯/૮/૧૪ દરમિયાન યોજાયો હતો. આ કાર્યક્રમ SPSS સાઉથ એશિયા પ્રાઈવેટ લીમીટેડનાં સહયોગથી કરવામાં આવ્યો હતો. આ એફ.ડી.પી.માં ભારતભરમાંથી તેમજ વિદેશમાંથી કુલ ૩૫ જેટલા અધ્યાપકો તેમજ સંશોધનકર્તાઓએ ભાગ લીધો. આ એફ.ડી.પી.માં ઉચ્ચસ્તરીય આંકડાકીય પૃથકકરણ, જેવા કે, મનોવા, અન્કોવા, મન્કોવા, ડાયરેકટ માર્કેટિંગ, ન્યુરલ નેટવર્ક, મિસિંગ વેલ્યુઝ, મલ્ટીપલ ઈમ્પ્યુટેશન, ટાઈમ સીરીઝ એનેલીસીસ, અરીમા મોડેલીંગ, સર્વાઈવલ એનેલીસીસ જેવા વિષયો પર તજજ્ઞોએ વ્યાખ્યાન આપ્યા અને આંકડાકીય પૃથક્કરણની તાલીમ આપી. મુંબઈથી યુનિવર્સિટીના ડૉ. વિવેક બેલ્હેકરે વિવિધ પ્રકારના અનોવા તેમજ મનોવા, અન્કોવા અને મન્કોવા વિશેની સમજણ આપી અને SPSSની મદદથી કઈ રીતે વિશ્લેષણ કરવું તેનું નિદર્શન કર્યું. ગુજરાતની આંત્રપ્રેનાર્શીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયામાંથી ડૉ. જીજ્ઞાસુ યાજ્ઞિકે સર્વાઈવલ એનેલીસીસ, કલસ્ટર એનેલીસીસ અને કોન્જોઈન્ટ એનેલીસીસની સમજ આપી, તેનો સંશોધનમાં ઉપયોગ અને તેના પરિણામોનું અર્થઘટન સમજાવ્યું. તેઓએ વિવિધ ઉદાહરણો આપી તાલીમાર્થીઓને પ્રેકટીસ પણ આપી. SPSS સાઉથ એશિયા પ્રા. લિ. કંપનીમાંથી આવેલા કુમાર ગૌરવે SPSSની ઉપયોગિતા સમજાવી તેમજ ડાયરેકટ માર્કેટિંગ, ન્યુરલ નેટવર્ક, મિસિંગ વેલ્યુઝ, મલ્ટીપલ ઈમ્પ્યુટેશન વિગેરેનું SPSSની મદદથી કઈ રીતે પૃથક્કરણ કરવું તેની સમજણ આપી. સરદાર પટેલ યુનિવર્સિટીનાં ડૉ. અશોક શાનુભોગ અને ડૉ. ધર્મેશ રાયકુંડલીયાએ વર્ણનાત્મક આંકડાકીય પૃથક્કરણ, ટી-ટેસ્ટ અને વન વે અનોવાના ઉપયોગની, SPSSની પ્રક્રિયાની તેમજ તેના પરિણામોનું અર્થઘટન સમજાવ્યું. ડૉ. પ્રશાંત જોષીએ ટાઈમ સીરીઝ એનેલીસીસની સમજણ આપી. ડૉ. ભાવેશ વનપરિયાએ સ્ટ્રકચરલ ઈકવેશન મોડેલીંગ, પાથ એનેલીસીસ અને કન્ફર્મેટીવ ફેકટર એનેલીસીસની એમોસ સોફ્ટવેરનો ઉપયોગ કરી તાલીમ આપી. આ એક-અઠવાડીક શિબિરમાં અધ્યાપકો અને સંશોધનકર્તાઓએ દરરોજ સરેરાશ દસ કલાક અભ્યાસ કર્યો અને આ એફ.ડી.પી.માંથી શિબિરાર્થીઓએ ઘણી જાણકારી મેળવી. યુનિવર્સિટીનાં વહીવટી અધિકારીઓનાં સહયોગથી એફ.ડી.પી.ને ખૂબ સફળતા મળી હતી.

## રિસર્ચ સેન્ટર

ગુજરાતી અનુસ્નાતક વિભાગના પ્રા. (ડૉ.) શરીફાબેન વીજળીવાળા, પ્રા. (ડૉ.) જશુભાઈ પટેલ, પ્રા. (ડૉ.) પન્નાબેન ત્રિવેદી તથા પ્રા. (ડૉ.) ભરત ઠાકોરના નેતૃત્વમાં ગુજરાતી વિભાગના એમ. એ.ના વિદ્યાર્થીઓએ 'રિસર્ચ સેન્ટર'ની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને 'રિસર્ચ સેન્ટર'માં ઉપલબ્ધ એમ.ફિલ.ના ડિઝરટેશન અને પીએચ.ડી.ના શોધ નિબંધો વિષે વિસ્તૃત માહિતી ઉપરાંત 'રિસર્ચ સેન્ટર'માં ઉપલબ્ધ ઈન્ટરનેટ સુવિધા વિષે પણ માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ 'રિસર્ચ સેન્ટર' વિષે સૌપ્રથમવાર માહિતી મેળવીને આનંદ વ્યકત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો પૈકી ગુજરાતી અનુસ્નાતક વિભાગે સૌ પ્રથમ મુલાકાત લીધી છે.

## કોશ પ્રદર્શન

યુનિવર્સિટીના ગુજરાતી અનુસ્નાતક વિભાગન પ્રોફે. એન્ડ હેડ ડૉ. જગદીશ ગૂર્જરની સૂચના અનુસાર ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ માટે તા. ૧૩-૮-૧૪ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના 'કોશો'નું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. ગુજરાતી અનુસ્નાતક વિભાગના પ્રા. (ડૉ.) શરીફાબેન વીજળીવાળા, પ્રા. (ડૉ.) જશુભાઈ પટેલ, પ્રા. (ડૉ.) પન્નાબેન ત્રિવેદી તથા પ્રા. (ડૉ.) ભરત ઠાકોરના નેતૃત્વમાં ગુજરાતી વિભાગના એમ.એ.ના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. જેમાં પ્રા. (ડૉ.) શરીફાબેન વીજળીવાળાએ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના અને વિવિધ ભાષાના કોશોનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓએ ધ્યાનપૂર્વક વિવિધ પ્રકારના 'કોશો'નું અવલોકન કરીને ધન્યતા અનુભવી હતી.

## ઉત્તિર્ણ

યુનિવર્સિટીના એમ. એસસી. (આઈ.ટી) પ્રોગ્રામના આસિ. પ્રો. શ્રી ધવલ એ. જોષીએ September 2013માં કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એપ્લીકેશન વિષયમાં લેવાયેલ SLET પરીક્ષા પાસ કરેલ છે.

# કોલેજ ન્યૂઝ

## એવોર્ડ



વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર લાવવા અનેકવિધ કાર્યક્રમોની શૃંખલાઓ દ્વારા વ્યકિતત્વ વિકાસ માટે ઉદાહરણીય કામગીરી કરનાર શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડનાં કર્મઠ અને ગતિશીલ આચાર્ય ડૉ. જે.એમ. નાયકને જે.સી.આઈ. વલસાડ દ્વારા 'નગરરત્ન' એવોર્ડથી સન્માનિત કરાયા હતા. કોલેજ મલ્ટી મીડીયા હોલ ખાતે યોજાયેલ એક સમારંભમાં વિદ્યાર્થીઓમાં શિસ્ત, નિયમિતતા અને ગુણવત્તા જેવા મંત્રો શીખવી ઉચ્ચશિક્ષણ ક્ષેત્રમાં બહુઆયામી શિક્ષણ માટેની બુનિયાદ રચવા માટે ડૉ. નાયક યાદ રહેશે તેમ જેસીઆઈના પ્રમુખશ્રી શ્રીકાંત કનોજિયાએ ટ્રોફી તથા ઉપાચાર્ય પ્રા. ટી.જી. પટેલે પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. પ્રતિભાવ વકતૃત્વમાં ડૉ. નાયકે આ સન્માન મારું નહીં પરંતુ મારા વિદ્યાર્થીઓ અને સંસ્થાનું છે એમ જણાવી પડકારો સામે અડગતાને સફળતાનો મંત્ર ગણાવ્યો હતો. તેમણે વિદ્યાર્થી ઉમદા અને માહિતીસભર બને તેવી રીતે તૈયાર કરવાની જવાબદારી શૈક્ષણિક સંસ્થાઓની છે તેથી આ કામગીરી સ્વાભાવિક જ છે તેમ જણાવી સંસ્થાના વિકાસમાં સહભાગી સ્વયંસેવી સંસ્થાઓ, વ્યકિતવિશેષો તથા સંચાલક મંડળનો ઋણ સ્વીકાર કર્યો હતો. તેમણે પોતાને આ સન્માન યોગ્ય ગણવા બદલ જેસીઆઈ વલસાડનો હૃદયપૂર્વક આભાર માની જેસીઆઈ અને કોમર્સ કોલેજ વલસાડ બંને સંસ્થાઓ યુવાનો ઘડવાની પ્રવૃત્તિઓ પોતપોતાના દાયરામાં રહી પ્રશંસનીય રીતે કરી રહી હોવાનો ઉલ્લેખ કરી બંને સંસ્થાઓ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

## સ્પર્ધા

સી.એન.કોઠારી હોમીયોપેથીક મેડીકલ અને રીસર્ચ સેન્ટર દ્વારા અને હોમિયોપેથીક મેડીકલ એસોસીએન્સ ઓફ ઈન્ડિયા, વ્યારા યુનીટના સંયુકત ઉપક્રમે તા. ૧૨/૭/૧૪ને ગુરુપૂર્ણિમાના દિવસે કોલેજ ઓડીટોરીયમ ખાતે હોમીયોપેથીક કિવઝ કોમ્પીટીસનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જ્યોતિ રાવે સૌ આમંત્રિત મહેમાનો તેમજ સ્ટાફ મેમ્બર, વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું. કિવઝ કોન્ટેસ્ટના નિયમો અને પૂર્વ રેખાનું વર્ણન ડૉ. ભાવીન મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. કોમ્પીટીશન ચાર રાઉન્ડમાં રમાડવામાં આવી હતી. જેમાં મટેરીયા મેડીકા, ઓર્ગેનોને, રેપરટરી અને હોમીયોપેથીક ફાર્મસીમાં પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. કિવઝમાં પ્રશ્નોતરી રાઉન્ડ, પીકઅપ રાઉન્ડ, પાવર પોઈન્ટ, રેપીડ ફાયર રાઉન્ડ અને બઝર રાઉન્ડ વગેરે રાખવામાં આવ્યા હતા. કિવઝમાં પ્રથમ ક્રમે આવનાર ગૃપે રૂા. ૪૦૦૧/- તેમજ બીજા ક્રમે આવનારને રૂા. ૩૦૦૧ અને ત્રીજા ક્રમે આવનાર ગૃપને રૂા. ૨૦૦૧/નું ઈનામ ઘોષીત કરવામાં આવ્યું હતું. અન્યા બે ગૃપને હોમિયોપેથીક મેડીકલ એસોસીયેસન ઓફ ઈન્ડિયા વ્યારા યુનિટ દ્વારા રૂા. ૫૦૧/-નું આશ્વાસન ઈનામ આપવામાં આવ્યું હતું. તમામ, વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. કિવઝ કોમ્પીટીશનને સફળ બનાવવા માટે ડૉ. મહાવીરધીયા, HMAI, Vyara Unit, ડૉ. સ્વપનીલ પરદેશી, ખજાનચી, HMAI Unit, ડૉ. મીના કાલરા તેમજ અન્ય સ્ટાફ મેમ્બરોએ ભારે જહેમત ઉઠાવી હતી. ડૉ. જ્યોતિ રાવ દ્વારા તમામ સ્ટાફ મેમ્બરર્સને યોગદાન બદલ ગીફ્ટથી નવાજવામાં આવ્યા હતા. ડૉ. જૈને આભાર વિધિ કરી હતી.

તા. ૯/૭/૧૪ના રોજ 'અલૂણા પર્વ' નિમિત્તે નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં યોજાયેલ મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે રાઠોડ ભાવિકા એન., દ્વિતીય ક્રમે રોહિત ચંદ્રિકા, તૃતિય ક્રમે શેખ નાઝિયા, આરતી શણગારમાં પ્રથમ ક્રમે પટેલ હેતલ એન., વેજીટેબલ ડેકોરેશનમાં પ્રથમ ક્રમે વૈદ્ય શિવાંગી કે., કેશગૂંફન સ્પર્ધામાં પ્રથમ ક્રમે રાજપૂત ધીરેન્દ્ર સિંહ વિજેતા થયા હતા. આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ. જ્યોતિબેન નાયકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. નિણાર્યકશ્રી તરીકે ડૉ. સાધનાબેન પટેલે તથા પ્રા. નયનાબેન પટેલે સેવા આપી હતી. કલા કૌશલ ધારાના ઉપક્રમે યોજાયેલી આ વિવિધ સ્પર્ધાના અંતે ચેરમેન પ્રા. રીટાબેન મહેતાએ સૌનો આભાર માન્યો હતો.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં પુસ્તક પરિચય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ વૈવિધ્યપૂર્ણ રજૂઆતો રસાળશૈલીમાં અને વાક્છટાપૂર્વક કરી હતી. જેમાં પ્રથમ ક્રમે મલેક સાજીદા એમ., દ્વિતીય ક્રમે પારેખ પૂજા જે. અને ત્રીજા ક્રમે સોજીત્રા મોનીકા બી. વિજેતા થયા. સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને પ્રા. વલ્લભભાઈ ઠંઠએ કરી હતી.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ વલસાડના કુલ ૨૧ વિદ્યાર્થીઓનું સંસ્કાર ગૃપ જે. સી. આઈ, વલસાડ દ્વારા

તા.૧૩/૭/૧૪ના રોજ ટાઉન હોલ ખાતે યોજાયેલ રીમઝીમ મેગા ડાન્સ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા. તેઓને સર્ટીફેકેટ તથા રૂા. ૫૦૦૦/- નું કેશ પ્રાઇઝ પ્રાપ્ત થયું હતું. તેમને ગીત ગીત-સંગીત નૃત્યધારાના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે પ્રોત્સાહન પુરૂં પાડયું હતું. કુલ ૧૯ પ્રોફેશનલ ગ્રુપ ડાન્સમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થવા બદલ આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકે, ઉપાચાર્ય ટી. જી. પટેલ, કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે તથા સમગ્ર કોલેજ પરિવારે ગૃપના સભ્યોને અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા. આ કૃતિની નોંધનીય બાબત એ રહી હતી કે ગૃપના સભયોએ ભેગા મળીને સમગ્ર કૃતિ જાતે તૈયાર કરી હતી. હાજર રહેલ મુંબઈના નિર્ણાયકોએ તેમના સ્થાને ઉભા થઈને કલાકારોને સન્માનિત કર્યા હતા.

સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કોલેજ, અંકલેશ્વરમાં વિવિધ સ્પર્ધાઓ પૈકી કાર્ડ મેકીંગ સ્પર્ધામાં પ્રથમ નંબરે વસાવા કીર્તિબેન દ્વિતીય ક્રમે અરોરા પાયલબેન તેમજ ત્રીજા ક્રમે પરમાર નેહાબેન અને પટેલ કિંજલબેન રહયાં હતાં. કાર્ડ મેકીંગ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. દિનેશભાઈ કાકડે અને પારુલબેન રહયાં હતાં. સલાડ મેકીંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર સીમાબેન, દ્વિતીય ક્રમે પ્રજાપતિ પ્રિયંકાબેન અને તૃતિય ક્રમે વસાવા સુનિતાબેન રહયાં હતાં. ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ ક્રમે આડમાર ઉપાસના, બીજા ક્રમે વસાવા ભૂપેન્દ્ર, તૃતીય ક્રમે રાઠોડ પ્રીતિબેન રહયાં હતાં. જેમાં ફ્રુટ ડેકોરેશન અને સલાડ મેકીંગ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગુરુકુલ પબ્લિક સ્કૂલના પ્રિ. અમિતાબેન અને શિક્ષકશ્રી સોમાબેન રહયા હતાં. મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પરમાર ધર્મિષ્ઠાબેન, દ્વિતીય ક્રમે પટેલ ભૂમિકાબેન, ત્રીજા ક્રમે પ્રજાપતિ પ્રિયંકાબેન રહયા હતાં. મહેંદી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગુરુકુલ પબ્લિક સ્કૂલના શિક્ષકશ્રી સોમાબેન રહયાં હતાં. વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પ્રથમ નંબરે વાઘેલા જીતેન્દ્રભાઈ, દ્વિતીય ક્રમે મિસ્ત્રી નૈનિતાબેન, તૃતિય ક્રમે ફકીર સાયરાબાનું રહયાં હતાં. નિર્ણાયક તરીકે વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં ડૉ. કૌશલભાઈ પારેખ રહયાં હતાં. કેશગુંફન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ કીર્તિબેન, દ્વિતીય ક્રમે પટેલ મીનાબેન તેમજ તૃતીય ક્રમે રજવાડી ક્રિસ્ટીના રહયાં હતાં. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી રસીલાબેન પાનસુરીયા રહયાં હતાં

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડની વિદ્યાર્થિની કુ. ફાલ્ગુની પટેલ તા. ૧૮/૭/૧૪ના રોજ આર્ટસ કોલેજ, અમરોલી ખાતે યોજાયેલ યુનિવર્સિટી કક્ષાની આંતર કોલેજ પ્રાર્થના સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા છે. એમને માર્ગદર્શન અને પ્રોત્સાહન ગીત-સંગીત નૃત્યધારાના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે પુરૂં પાડયું હતું. એમને શિલ્ડ, સર્ટીફિકેટ અને રૂ. ૪૦૧નું રોકડ પ્રાપ્ત થયેલ છે.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પ્રિ ડૉ. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા. વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે સેલ કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના પ્રોત્સાહન થકી તા. ૨૬/૭/૧૪ના રોજ અરેબીક અને ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પૂર્વ વિદ્યાર્થીની કુ. આરતી રાંકએ સેવા પૂરી પાડી હતી. તેમણે વિદ્યાાર્થીનીઓને અરેબીક અને ટ્રેડીશનલ મહેંદી વચ્ચેનો તફાવત સમજાવી આકર્ષકક મહેંદી હાથોમાં કેવી રીતે સમજાવી શકાય તે અંગેની સમજ આપી હતી. ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં કુ. પાયલ પટેલ પ્રથમ ક્રમે, કુ. હીનલ પટેલ દ્વિતીય ક્રમે તથા કુ. દિવ્યાની જોશી તૃતીય ક્રમે તેમજ અરેબીક મહેંદી સ્પર્ધામાં કુ. ઉઝમા પટેલ પ્રથમ ક્રમે, કુ. ટવીંકલ ટંડેલ દ્વિતીય ક્રમે કુ. હેમાક્ષી પ્રજાપતિ તૃતીય ક્રમે વિજેતા થયા હતા.

બી. એડ્. કોલેજ, સુરતમાં તા. ૧/૮/૧૪ના રોજ ગ્રિટિંગ કાર્ડ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રા. સુનિલભાઈ ખલાસી અને કૃણાલભાઈ પાઠકે કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.

ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૩૧/૭/૧૪ના રોજ યોજાયેલ મહેંદીસ્પર્ધામાં પ્રથમ ક્રમે ઠક્કર રિયા, દેસાઈ નિરાલી દ્વિતીય ક્રમે તથા માખણીયા કાજલ આશ્વાસન ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

## ઊજવણી

તા. ૧૨/૭/૧૪ના રોજ ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ડિરેકટર ડૉ. દિલીપ સી. શાહ અને ઈન્ચાર્જ આચાર્ય શ્રી બંટી કે. શાહના વરદહસ્તે દીપ પ્રાગટય થયું તેમજ શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર મા સરસ્વતીની વંદના કરી હતી. અને અંતે વિદ્યાર્થીઓને સારા ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

તા. ૧૨/૭/૧૪ના રોજ નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી થઈ હતી. આ પર્વ નિમિત્તે સંસ્થામાં બ્રહમાકુમારી સુશ્રી ઋષિબેને 'ગુરુ વિના જ્ઞાન નહિ' તથા હકારાત્મક એ સફળ જીવનની ચાવી છે, એ સમજાવતા વિદ્યાર્થીઓને જીવનમાં ઈશ્વરમાં શ્રધ્ધા રાખી, હકારાત્મકતા કેળવી, આત્મવિશ્વાસપૂર્વક આગળ વધવાની સલાહ આપી હતી. વ્યાખ્યાનનાં અંતે શ્રધ્ધાનું મહત્વ દર્શાવતી પ્રાર્થના સંભળાવી હતી. આચાર્ય ડૉ. જયોતિબેન નાયકે વકતાશ્રી ઋષિબેનનું પુષ્પથી સ્વાગત કરી એમને શાબ્દિક આવકાર આપી, એમના પ્રત્યે આદર વ્યકત કર્યો હતો. પ્રા. રીટાબેન મહેતાએ આભારવિધિ કરી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કોલેજ, અંકલેશ્વરમાં ગુરુપૂર્ણિમાં પર્વની ભવ્ય ઉજવણી પ્રસંગે પૂજય સ્વામીશ્રી નારાયણસ્વરૂપ દાસજી સ્વામી, મેનેજીંગ ટ્રસ્ટી સ્વામીશ્રી કૃષણસ્વરૂપ શાસ્ત્રીજી, તથા ટ્રસ્ટીશ્રી શાસ્ત્રી સ્વામી જયસ્વરૂપ દાસજીએ સૌને આશિર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતે ગુરુપૂજન વિધિ કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના અધ્યાપક પ્રેરણામૂર્તિ ગુરુવર્ય ગુરુજીનું પુજન કરી, સૌએ શુભાશિષ મેળવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરીયાએ ગુરુજીનું ફુલહારથી સ્વાગત કરીને આશીર્વાદ મેળવ્યા હતા. સંસ્થાની વિવિધ વિદ્યાશાખાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને સમાજના અગ્રગણ્યશ્રીઓએ ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે હાજરી આપી હતી. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી મહરાજે પોતાના પ્રવચન સૌને શુભકામનાઓ પાઠવી હતી. ટ્રસ્ટીશ્રી શાસ્ત્રી સ્વામી જયસ્વરૂપ દાસજીએ આ પ્રસંગે ગુરુનું મહત્વ સમજાવી ગુરુપૂર્ણિમાનું પારંપરિક મહત્વ સમજાવ્યું હતું. બી. એડ્. કોલેજના ઈ. આચાર્ય શ્રી ડૉ. કૌશલકુમાર એચ. પારેખે આ પ્રસંગે સંસ્થા સાથેના સંસ્મરણો ગુરુની ભૂમિકા વ્યકત કરી હતી. આ પ્રસંગે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ અલ્કેશ વિજયભાઈ, દ્વિતીય ક્રમે રતનપરા ચિરાગકુમાર પી. અને તૃતીય ક્રમે પટેલ કિન્નરીબેન એચ. અને સોલંકી મનીષાબેન રહયા હતા. ભજન સ્પર્ધામાં પણ આયોજન કરવામાં આવ્યું હતું, અને કિવઝ સ્પર્ધામાં "C" ટીમ વિજેતા થઈ હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. સ્વાતીબેન મારવાડીએ કર્યું હતું. આભારવિધિ પ્રા. ગણેશભાઈ પટેલે કરી હતી.

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ભિલાડમાં તા. ૫/૮/૧૪ના દિને 'ચાલો કોલેજ અભિયાન' અંતર્ગત પ્રવેશોત્સવની ઉજવણી પ્રિન્સિપાલ, શ્રી પુરોહિત, શ્રી દેસાઈ તેમજ કે.સી.જી. ટીમની હાજરીમાં કરવામાં આવી. કે.સી.જી.ના સભ્યોનું પુસ્તકથી અને નવીન વિદ્યાર્થીઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું. ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રેરક સી.ડી. વિડિયો બતાવવામાં આવી હતી. પ્રિ. ડૉ. આર.એમ. પાંડેય દ્વારા કોલેજ પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યુ હતું.

## પ્રવેશોત્સવ

તા.૭/૭/૧૪ના રોજ નવયુગ આર્ટ્સ કોલેજમાં બી. એ. સેમ. ૧ ના વિદ્યાર્થીઓ માટે 'પ્રવેશોત્સવ'નું આયોજન થયું હતું. સંસ્થાના સિનિયર વિદ્યાર્થીઓએ બી. એ. સેમ-૧ ના વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો. સેમ-૩ ના વિદ્યાર્થી યાદવ સોનુએ તથા ઉર્વશી પટેલે સૌ વિદ્યાર્થીઓને તન-મનની સ્વસ્થતા જાળવવામાં યોગાભ્યાસના મહત્વ દર્શાવીને, સૌને યોગ કરાવી વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો. આચાર્ય ડૉ. જ્યોતિબેન નાયકે વિદ્યાર્થીઓને કોલેજ જીવનની મજા સાથ કારકિર્દીની ગંભીરતા સમજાવી હતી. 'સપ્તધારા' ના કૉ-ઓર્ડિનેટર ડૉ. સાધનાબેન પટેલે વિવિધ પ્રવૃતિઓ ધાર-કલાકૌશલધારા, ગતિ-સંગીતધારા, ખેલકૂદ યોગ-વ્યાયામધારા અંતર્ગત ચાલતી વિવિધ પ્રવૃતિઓની વિસ્તારપૂર્વક માહિતી આપી. પ્રા. રીટાબેન મહેતાએ કોલેજ દ્વારા લેવાતી તથા યુનિવર્સિટી દ્વારા યોજાતી પરીક્ષા પધ્ધતિ વિશે મહત્વની જાણકારી આપી હતી. પીટી. એન. સી. સી. તથા એન. એસ. એસ. એકમોની જાણકારીની સાથે સરકારશ્રી દ્વારા યોજાતા રાહતદરે અંગ્રેજી શિક્ષણના-સ્કોપના વર્ગોની માહિતી પણ અધ્યાપકોએ આપી, વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમો તથા પ્રંવૃતિઓની વિવિધ કાર્યક્રમો તથા પ્રવૃતિની વિગતો આપી હતી. કાર્યક્રમને અંતે કોલજ પરિવારે વિદ્યાર્થીઓને ચોકલેટ વહેંચી.

## માર્ગદર્શન

શાહ એન. એચ. કોમર્સ કોલજ, વલસાડના સંસ્કારગૃપના વિદ્યાર્થીઓએ તા. ૧૧/૭/૧૪ના રોજ માસ વેલ્યુ પ્રા. લિ તરફથી મધુસ્મૃતિ હોલ ખાતે કંપનીના માર્કેટિંગ હેતુસર યોજાયેલ એક કાર્યક્રમમાં પોતાની દેશભકિતની કૃતિ નૃત્યના ફોર્મમાં રજૂ કરી હતી. આ ગૃપના સભ્યોને માર્ગદર્શન અને પ્રોત્સાહન ગીત-સંગીત નૃત્યાધારાના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે આપ્યા હતા.

સુરત જીલ્લા સહકારી સંઘ દ્વારા મહિલા સહકાર-શિક્ષણ પ્રશિક્ષક પાર્વતીબેન પી. પટેલના નેજા હેઠળ બહેનો માટે તા. ૨૧/૭/૧૪સુધી 'સહકાર' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સહકારી મંડળી કોને કેહવાય, તેનું સંચાલન કઈ રીતે કરી શકાય અને આ ક્ષેત્રે બહેનોને નેતૃત્વ આપવાની જરૂર શાથી ઉદભવે છે જે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન રિટાયર્ડ સહકારી શિક્ષણાધીકારી શ્રી દિલિપભાઈ દેસાઈ દ્વારા સહકારી પ્રવૃતિઓનો અધિક નૈતિક અને સામાજીક ઉન્નતિમાં ફાળા એ વિષય પર પ્રવચન યોજવામાં આવ્યું. નિવૃત્ત અદયાપકશ્રી સૂર્યકાંત શાહે "વૈશ્વીક સહકારી પ્રવૃતિ" વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રા. શ્રીમતિ હર્ષાબેન શાહે "સહકારી ક્ષેત્રે મહિલાઓના પ્રવેશ અતિ આવશ્યક છે" તે અંગે વ્યાખ્યાન આપ્યું હતું. પ્રિન્સિપાલ શ્રી વિનોદભાઈ પટેલ અને સહકારી સંઘના પ્રશિક્ષક શ્રી પાર્વતીબેન પટેલે આભારવિધિ કરી હતી.

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ, ઉધના સંચાલિત યુસીસીસી એન્ડ એસપીબીસીબીએ એન્ડ યુએસીસીએઆઈટી કોલેજમાં તા. ૨૫/૭/૧૪ નાં રોજ વુમન સેલનાં નેજા હેઠળ ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓને ઉધના પોલીસ સ્ટેશનનાં પી. એસ. આઈ. શ્રી બી. એફ. ચૌધરી તથા હેડ કોન્સ્ટેબલ શ્રી સુનિતાબેન દ્વારા સ્વરક્ષણ માટેની તાલિમ તથા ગુજરાત સરકાર દ્વારા ચાલતી મહિલા સંરક્ષણ માટેની હેલ્પલાઈન તથા અન્ય સુવિધાઓથી માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

## એન.એસ.એસ.

જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ. કોમર્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, બી.એ., બી.કોમ, એમ.કોમ., બી.સી.એ., સ્વનિર્ભર અમરોલીનો એન. એસ. એસ. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને મેડિકલ એસોસીએશન, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન, સુરત. અમરોલી મેડિકલ સર્કલ, અમરોલીના સહયોગથી પ્રિ. ડૉ. કે. એન. ચાવડાનાં નેતૃત્વ હેઠળ તા. ૧૮/૭/૧૪ના રોજ કોલેજ ખાતે પ્રથમ રકતદાન શિબિરનું આયોજન થયું હતું. પ્રિ. ડૉ. કે. એન. ચાવડા, લાયન જગદીશ ફીટર, લાયન પી. ડી. ખેડાકર, પ્રા. કૃતિબેન પટેલ, લાયન હેમંતભાઈ પાનવાલા. લાયન ડૉ. ગૌરાંગ લાયન્સવાલા, લાયન દિનેશ સરૈયા, લાયન ભૂપેન્દ્ર ચાહવાલા, લાયન કિરિટ શાહ, લાયન યોગેશભાઈ દેસાઈ, લાયન અતુલ શાહ, લાયન શ્રીદેવ ત્રિવેદી, લાયન હસમુખ બોડાવાલા, લાયન પ્રફુલભાઈ મોદી, લાયન શશીકાંત બોડાવાલા, લાયન એસ. કે. જૈન, દ્વારા કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને મહેમાનોનો પરિચય આપી પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રકુમાર સોલંકી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. એન. બી. બારિયા, પ્રા. જે. ડી. વાછાણી, પ્રા. જે. બી. ચૌધરીએ કર્યું હતું. આ શિબિરમાં ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું, સુરત રકતદાન કેન્દ્રના મેડીકલ્અ ઓફિસર ડૉ. પંચાલ અને તેમની ટીમે પ્રસંશનીય કામગીરી બજાવી હતી. રકતદાનઓને સુરત સાંઈ સેવા સમિતિ, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ એન ફેમિલી ફિઝિશ્યન એસોસીએશન, સુરત તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

## એન.સી.સી.

વલસાડ સ્થિત શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં સક્રિયપણે કાર્યરત એન.સી.સી. યુનિટની વિઝિટ માટે ૨૦ ગુજરાત બટાલીયન એન.સી.સી. નવસારી યુનિટના કમાન્ડીગ ઓફિસર કર્નલ એસ.ડી. મહેતાએ મુલાકાત લીધી હતી. મ્લ્ટી મીડીયા હોલમાં પ્રથમ વર્ષ એન.સી.સી. પ્રવૃતિના લાભો, વ્યકિતત્વ વિકાસ, તેમજ સંરક્ષણ ક્ષેત્રમાં જોડવા માટેનું મોટીવેશનલ વ્યાખ્યાન આપ્યું હતું. જેનાથી ઘણા વિદ્યાર્થીએ અને.સી.સી.માં જોડાવા માટે પ્રેરાયા હતા. એન.સી.સી. પ્રવૃતિથી કમાન્ડીગ ઓફિસર પ્રભાવિત થયા હતા. આ કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર લે. મુકેશભાઈ પટેલ તેમજ સિનિયર એન.સી.સી. કેડેટ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શનથી યોજાયેલ આ કાર્યક્રમનો વિદ્યાર્થીઓએ લાભ ઉઠાવ્યો હતો.

## કોન્ફરન્સ

નવયુગ કોમર્સ કોલેજ, સુરતનાં પ્રિ. ડૉ. વિનોદચંદ્ર એન. પટેલે જર્મની ખાતે આવેલ BONN Uni. દ્વારા આયોજીત 9th IIDS-IIMS International Conference માં ભાગ લઈ તેમણે તેમનું પેપર Health Care in Surat District (Gujarat State) યુનિ. ડિપા. ઓફ ઈકોનોમિકસના પ્રોફેસર અને હેડ ડૉ. એસ. શ્રી નિવાસા રાવ સાથે તૈયાર કરી પ્રેઝન્ટેશન કર્યું હતું. ૧૫ થી વધુ દેશોના પ્રતિનિધિઓએ આ કોન્ફરન્સમાં ભાગ લીધેલ.

## વાંચન વિશેષ

**સુખની સિધ્ધિ**
લેખકઃ બર્ટ્રાન્ડ રસેલ, અનુવાદકઃ વિનોદિની નીલકંઠ
અમદાવાદઃ ગુર્જર સાહિત્ય ભવન, ૨૦૦૭, પૃ.૨૦૦ રૂ. ૧૦૦

સિધ્ધહસ્ત લેખક, વિચારક અને સમાજવિદ્યાના ઊંડા અભ્યાસી, સુપ્રસિધ્ધ તત્વચિંતક તથા માનવજીવનના ભાવિ વિશે ચિંતિત બર્ટ્રાન્ડ રસેલનું 'ધ કોન્કવેસ્ટ ઓફ હેપીનેસ' નો અનુવાદ એટલે "સુખની સિધ્ધિ". આ પુસ્તક મનુષ્યજીવનના એક ચિરંતન પ્રશ્નની સરળ છણાવટથી યાદગાર બની ગયું છે. ૧૯૬૯માં બહાર પડેલા પણ વર્ષોથી અપ્રાપ્ય આ પુસ્તકનું પુનર્મુદ્રણ કરવામાં આવેલ છે.

પુસ્તક બે વિભાગમાં વિભાજીત છે. પ્રથમ વિભાગઃ "દુઃખી થવાનાં કારણો" માં કુલ ૯ પ્રકરણો સામેલ છે. જેમાં ૧). લોકો દુઃખી શા માટે રહે છે?. ૨). બાયરનનો વિષાદ, ૩). સ્પર્ધા, ૪). કંટાળો અને ઉત્તેજના, ૫). થાક, ૬). ઈર્ષા, ૭). પાપની ભાવના, ૮). સતામણીનો ભ્રમ અને લોકમતની ભીતિ તથા બીજો વિભાગ પ્રકરણ, ૧૦). શું હજી સુખી થવું શકય છે ?. ૧૧). ઉમંગ-ધગશ, ૧૨). પ્રેમ, ૧૩). કુટુંબ, ૧૪). કાર્ય, ૧૫). અવ્યકિતગત રસ, ૧૬). પ્રયત્ન અને સમર્પણ કે ત્યાગવૃત્તિ તથા, ૧૭). સુખી માનવ, જેવાં પ્રકરણો સમાવેશ પામે છે.

"સુખની સિધ્ધિની શોધ કરતાં, સુખ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે અને દુઃખ કેવી રીતે દૂર કરી શકાય તથા જીવનને રસપૂર્વક કઈ રીતે ઉદાહરણો અને દલીલો સહિત, હાસ્યરસ વડે લેખકે સમજાવ્યું છે. માનવજાતને દુઃખી થતાં જોઈ લેખકનું હૃદય કરુણાથી આર્દ્ર બનેલું છે. અને તેથી દુઃખ કઈ-કઈ રીતે હઠાવી શકાય તે આ પુસ્તકમાં તેમણે રજૂ કર્યું છે.

માનવે એક નહિ પણ અનેક વિષયોમાં રસ લેવો જોઈએ. માત્ર સ્વયંમાં અને પોતાના સાંકડા વર્તુળમાં જીવનરસને કેન્દ્રિત ન કરતાં બાહ્ય જગતના અનેક વિષયોમાં મનુષ્યોએ પોતાના મનને સાંકળવું જોઈએ, જેથી એકાદ અંગત બાબતમાં દુઃખ અને નાસીપાસ થઈએ તોપણ દુઃખમાં ડૂબી ન જવાય અને જીવનમાં રસ ટકી રહે, એવી લેખકની દઢ માન્યતા આ પુસ્તકમાં રજૂઆત પામે છે, અગર જે સત્ય તરીકે સિધ્ધ થઈ ચૂકયું છે તે પણ સાચું જ છે એવું તે કબૂલી લેતા નથી, પરંતુ પોતાની બુધ્ધિ તથા તર્કની એરણે તે ચઢાવે છે. તેથી જ લેખકના વિચારોમાં નાવીન્ય તથા તાજગી ઉપરાંત આશાવાદનો સૂર સંભળાયા કરે છે. આ પુસ્તક વાચકને અનુકંપા તથા ભયમાં તરબોળ કરી દે છે. કરુણકથા લખવા માટે માણસે તેને અનુભવવી પડે છે. કારુણ્યનો અનુભવ કરવા માટે જે જગતમાં પોતે રહે છે, તેને વિષે લેખકને માત્ર પોતાના મનથી જ નહિ પણ લોહી તથા સ્નાયુઓ દ્વારા પણ અનુભૂતિ થવી હોવી જોઈએ.

લેખક કહે છે કે, " હવે માત્ર આ વિશ્વમાં કોઈ અમુક માનવીઓને જ મહાન સમજવા, તેમને જ કરુણાભરી લાગણીનો અધિકાર હોય, અને બાકીના સૌ માત્ર મહેનત-મજૂરી કરીને પેલા થોડાઓ માટે ભવ્યતા ખડી કરે, એવું આપણે હવે માનતા નથી." શેકસપિયર કહે છે કેઃ

ભિખારીના મૃત્યુવેળા કોઈ ધૂમકેતુ દશ્યમાન થતો નથીઃ
રાજવંશીના અવસાન કાળે આભ પણ સળગી ઊઠે છે.

સુખની છૂપી ચાવી આપતાં લેખક કહે છે કે "તમારા રસ બને તેટલા ફેલાયેલા રાખો, અને જે બાબતમાં અગર માણસોમાં રસ પડે તેને વિશેની પ્રતિક્રિયા બને ત્યાં સુધી દુશ્મનાવટભરી નહિ પણ મૈત્રીભરી રાખવી"

ઉચ્ચશિક્ષણની વ્યવસ્થા વિશે લેખક કહે છે કે "જો ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા મને સોંપવામાં આવે તો જૂના રૂઢિગ્રસ્ત ધર્મોને બદલે હું બીજું જ કાંઈ મૂકું-જેને કદાચ ધર્મનું નામ ન આપી શકાય, કારણ કે દઢતાપૂર્વક નિર્ણીત થઈ ચૂકેલી હકીકતો ઉપર હું વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરું, કારણ કે રૂઢિગ્રસ્ત ધર્મોમાં તરુણ વયનાંમાંથી કોઈને જ રસ પડે છે, અને જેને રસ પડે છે તે ઘણું કરીને સૌથી ઓછાં બુધ્ધિશાળી હોય છે... એક વ્યકિત કેટલી મહાન બનાવા શકિતમાન છે, તે વિશે પણ હું તરુણ વિદ્યાર્થીઓના મન ઉપર છાપ પાડવા પ્રયત્ન કરું,"

અનુવાદ એટલો સરળ છે કે વાચકને જકડી રાખે છે. બર્ટ્રાન્ડ રસેલનાં પુસ્તકો પૈકી આ એક ઉત્તમ પુસ્તક યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ





Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in



Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : Dr. J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com